# સરકારી કર્મચારીઓને દિવાળીની ભેટ

## સરકારી કર્મચારીઓ-પેન્શનરોને મોંઘવારી ભથ્થાના બાકી એરીયર્સ પૈકી ૫૦ ટકા એરીયર્સનો લાભ

ગાંધીનગર, તા. ૬

રાજય સરકારે સરકારી કર્મચારીઓ-અધિકારીઓની દિવાળી સુધારી દીધી છે. રાજય સરકારના નવ લાખથી વધુ અધિકારીઓ-કર્મચારીઓ-પેન્શનરોને મોંઘવારી ભથ્થાના બાકી એરીયર્સ પૈકી ૫૦ ટકા એરીયર્સનો લાભ આપવાનો નિર્ણય રાજ્યસરકારે કર્યો છે.

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે રાજ્ય સરકારના નવ લાખથી વધુ અધિકારીઓ/કર્મચારીઓ અને પેન્શનરોને તા. ૧.૭.૨૦૧૯ થી ૫ ટકા મોંઘવારી ભથ્થું આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો હતો. આ મોંઘવારી ભથ્થુ જાન્યુઆરી-૨૦૨૦ થી દર માસે પગાર સાથે ચુકવવામાં આવી રહેલ છે. તા. ૧.૭.૨૦૧૯ થી તા.૩૧.૧૨.૨૦૧૯ સુધી એમ કુલ-૬ માસના મોંઘવારી ભથ્થાના તફાવતની રકમ રાજયના કર્મચારીઓ તથા પેન્શનરોને ચુકવવાની થતી હતી.

પટેલે જણાવ્યું છે કે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાથે પરામર્શ કર્યા બાદ અધિકારી/કર્મચારીઓ/પેન્શનરો દિવાળીના તહેવારો સારી રીતે ઉજવી શકે તે હેતુસર રાજ્ય સરકાર દ્વારા આ બાકી મોંઘવારી ભથ્થાના તફાવતની રકમ સાતમાં અને છઠ્ઠા પગારપંચનો લાભ મેળવતાં રાજ્ય સરકારના તથા પંચાયતના તથા અન્ય ગ્રાન્ટેબલ સંસ્થાઓના અધિકારીઓ/ કર્મચારીઓ/ પેન્શનરોને અત્યારે દિવાળીના

● અનુસંધાન પાન-૭ પર

## વર્ગ-૪ના કર્મચારીઓને ૩૫૦૦ની મર્યાદામાં બોનસ

આગામી સમયમાં આવી રહેલા દિવાળીના તહેવારોને ધ્યાને લઈને વર્ગ-૪ના કર્મચારીઓ ઉત્સાહપૂર્વક દિવાળી ઉજવી શકે તે માટે તેઓને બોનસ આપવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે.

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ રાજય સરકારે વર્ગ-૪ ના કર્મચારીઓને રૂ.૩૫૦૦ની મર્યાદામાં બોનસ આપીને દિવાળીની ભેટ આપી છે. વધુમાં નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતું કે આનો લાભ રાજ્ય સરકારના કર્મચારીઓ, પંચાયતના કર્મચારીઓ, યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજોના કર્મચારીઓ, બિન-સરકારી શાળાઓ અને કોલેજોના કર્મચારીઓ તથા ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓના વર્ગ-૪ના કુલ ૩૦,૯૬૦ કર્મચારીઓને લાભ મળશે.

# શહેરના જ્વેલરી માર્કેટમાં નિરસતા

## ગ્રાહકોની ખરીદ શકિતમાં ૫૦ ટકાની ઘટ : કોરોનાના કપરા કાળની ગોલ્ડ બજાર પર વિપરિત અસર : ગ્રાહકો વીટી અને બુટ્ટી જેવા નાના દાગીના ખરીદી કરે છે : રોકાણકારોમાં ઉત્સાહ નથી : દિનેશ બાબરીયા

ગાંધીનગર તા ૬

આજે પુષ્ય નક્ષત્ર .. સોના ચાંદીની ખરીદી માટેનો ઉત્તમ દિવસ... દરવર્ષે આ દિવસે નગરના ગોલ્ડ માર્કેટમાં ભીડ જોવા મળે છે. જો કે આ વર્ષે કોરોનાની અસરથી અત્યારથી જ સોના ચાંદીની ખરીદીમાં ગ્રાહકો નિરસ જોવા મળી રહ્યા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. ગત દિવાળીની સાપેક્ષમાં સોના ચાંદીના બજારમાં ગ્રાહકોની ખરીદશકિત ૫૦ ટકા ઘટી ગઈ હોવાનુ પણ વેપારીઓ જણાંવી રહ્યા છે.



કોરાનાના કપરા કાળમાં વેપાર ઉદ્યોગો માંડ માંડ ટ્રેક પર આવી રહ્યા છે. લાંબા લોકડાઉન બાદ સરકારે તબક્કાવાર વેપાર ધંધામાં છુટછાટ આપતા દિવાળી ટાંણે બજારમાં થોડી હીલચાલ જોવા મળી રહી છે. દિવાળીના પર્વ દરમિયાન કપડા અને મીઠાઈ બજાર સહીતની દુકાનોમાં ભારેખમ ભીડ જોવા મળતી હોય છે. પરંતુ કોરોનાની મહામારીએ સામાજિક જીવન થી માંડીને આર્થિક ગતિવિધિઓના સમીકરણો બદલી નાંખ્યા છે. ત્યારે કોરોનાના કપરા કાળ દરમિયાન દિવાળી પર્વની ઉજવણીનો ઉત્સાહ પણ હજુ જોઈએ તેટલો નિખર્યો નથી. બજારમાં લાંબા અરસા બાદ ભીડ જોવા મળે છે. પરંતુ આમ નાગરિકો પોતાની જરૂરિયાતની ચીજવસ્તુઓ પાછળ જ રૂપિયા ખર્ચવાનુ મુનાસિબ માને છે. ત્યારે સોના ચાંદી જેવી મોંઘી ખરીદી માટે બજેટમાં કોઈ અવકાશ ન હોવાની સ્થિતિ મોટાભાગના પરિવારોની છે. દિવાળી ટાંણે સોના ચાંદીના દાગીના સહીત લગડીની પણ વિશેષ ખરીદી થતી હોય છે. પરંતુ આ વર્ષે જવેલર્સની દુકાનોમાં ઘરાકીની ભારે ઉણપ વર્તાઈ રહી છે. કોરોનાના મરણતોલ ફટકા બાદ નાગરિકોની ખરીદ શક્તિ ઘટી છે. નાગરિકો પાસે રોકડનો અભાવ હોવાથી સોના ચાંદીમાં રોકાણ કરવા તરફ પણ રસ દાખવતા નથી. એકબાજુ સોના ચાંદીનો ભાવ પણ હજુ આસમાને છે. હાલની સ્થિતિએ સોનાના પ્રતિ ૧૦ ગ્રામ ૫૧ હજાર રૂપિયા ભાવ છે. જયારે ચાંદીનો ભાવ પણ ૬૧ હજાર છે. ત્યારે સોના ચાંદીના તગડા ભાવ સામે રોકાણકારો આમ પણ મુહુર્ત

● અનુસંધાન પાન-૭ પર

### પુષ્યનક્ષત્રમાં સુવર્ણની ખરીદીથી ધનસંચયમાં સ્થિરતા આવે

જયોતિષ શાસ્ત્રની સાથે વેદ પુરાણ શાસ્ત્રોમાં પણ પુષ્ય નક્ષત્રને વિશેષ મહત્વ આપવામાં આવ્યુ છે. જાણીતા જયોતિષાચાર્ય અને તજજ્ઞ અખિલેશ પુરોહીતના જણાંવ્યા મુજબ પુષ્યનક્ષત્ર વેપાર લેણદેણ અને સોના ચાંદીની ખરીદી માટે ઉત્તમ કહેવાય છે. પુષ્યનક્ષત્રને શુભ અને કલ્યાણકારી માનવામાં આવે છે. અનેક પ્રકારની ધાતુ પૃથ્વીના ખોળામાંથી પ્રાપ્ત થાય છે. જેમાં સોનુ સૌથી વધુ પવિત્ર મનાય છે. પુષ્ય નક્ષત્રમાં સુવર્ણની ખરીદી લક્ષ્મીને સ્થિરતા અને પ્રસન્નતા આપનાર છે.

### પુષ્ય નક્ષત્રનો આરંભ

**તા ૭ નવેમ્બર સવારે ૮ :૦૫ કલાક બાદ**

મુહુર્ત : સવારે - ૮ :૩૦ થી ૧૦ કલાક શુભ
બપોરે- ૧ :૨૬ થી ૨ :૨૮ લાભ
બપોરે- ૨ : ૪૮ થી ૪૦૯ અમૃત
સાંજે - ૫: ૩૧ થી ૭ :૦૯ લાભ
રાત્રે - ૮ : ૪૮ થી ૧૦ : ૨૬ શુભ

# જિલ્લાના ૨૪૬ ખેડૂતોએ બે કરોડથી વધુની મગફળીનું ટેકાના ભાવે વેચાણ કર્યુ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં મગફળીના પાકની ટેકાના ભાવે ખરીદીની કામગીરીએ હવે વેગ પકડ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૪૬ જેટલા ખેડૂતો દ્વારા રૂ. બે કરોડ ૨૩ લાખથી વધુ કિંમતની મગફળીનું ટેકાના ભાવે વેચાણ કર્યુ છે.

જિલ્લામાં આ વર્ષે મગફળીનું ઉત્પાદન વિક્રમી થવા પામ્યુ છે. મગફળીના પાકની ટેકાના ભાવે ખરીદી કરવા માટે ૩ કેન્દ્રો પર હાલ કામગીરી ચાલી રહી છે.

શરૂઆતમાં ખુલ્લા બજારમાં મગફળીના ભાવ સારા મળતાં બે કેન્દ્રો પર ખરીદીની કામગીરી ચાલતી હતી પરંતુ જેમ જેમ પાકની આવક વધતાં અને ભાવો સ્થિર થતાં ખેડૂતોએ ટેકાના ભાવે પણ વેચાણ આપવાનું શરૂ કર્યુ છે.

જિલ્લામાં દિપાવલીના પર્વો અને રવિ સીઝનની વાવણીનો સમય હોવાથી ખેડૂતોને ઝડપથી તેમના ઉત્પાદનનું મૂલ્ય મળી રહે તે માટે કલેક્ટર કક્ષાએથી પણ સરકારને જાણ કરવામાં આવી છે આગામી બે ત્રણ દિવસમાં ચૂકવણી ખેડૂતોના ખાતામાં થાય તે દિશામાં પણ તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ જિલ્લામાં આ વખતે મગફળીનુ ટેકાના ભાવે વેચાણ કરવા માટે પાંચ હજારથી વધુ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ હતુ. આ પૈકી ધીમી ગતિએ ટેકાના ભાવે ખરીદીનો આરંભ થયો હતો. તંત્રએ આ માટે અત્યાર સુધી જિલ્લામાં નવસોથી વધુ ખેડૂતોને એસ.એમ.એસ. દ્વારા તેમના ઉત્પાદન સાથે ખરીદ કેન્દ્ર પહોંચાડવાની જાણ કરી હતી. આ પૈકી ૨૪૬ ખેડૂતોએ વેચાણ કરી દીધુ છે.

# તાલુકા પંચાયતની બેઠક ગણત્રીની મિનિટોમાં સંપન્ન થઈ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર તાલુકા પંચાયતની આજે મળેલી ખાસ સામાન્ય સભામાં રિનોવેશન માટે ફળવાયેલ ગ્રાન્ટ સ્વભંડોળ ખાતે જમા લેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ગોપાલજી ઠાકોરના અધ્યક્ષપદે મળેલ આજની બેઠકમાં તાલુકા પંચાયતના રિનોવેશન માટે ફાળવવામાં આવેલી રૂ. ૪૦ લાખની ગ્રાન્ટ કોરોના કાળને લઈ ખર્ચ થઈ શકે તેમ ન હોવાથી સ્વભંડોળ ખાતે જમા કરી અને તેમાંથી વિકાસ કામો હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ગણતરીની મિનિટોમાં જ આ ખાસ સામાન્ય સભા સંપન્ન થઈ ગઈ હતી. બેઠક બાદ પ્રમુખ ઠાકોર અને કારોબારી ચેરમેન રસિકભાઈએ જણાવ્યુ હતુ કે વિકાસના કામો એ અમારી અગ્રતા છે અમે તાલુકાના સર્વાંગી વિકાસ કામો પાછળ આ રકમનો ખર્ચ થાય તે જોઈશુ. તેમણે જણાવ્યુ હતુ કે જે કામો હાલ વિકાસના ચાલી રહ્યા છે તેમાં વેગ આવે અને નિયત સમય મર્યાદામાં પૂર્ણ થાય એ જ અમારા તંત્રનું લક્ષ્ય છે.


દિપાવલીના તહેવારો માટે ભેટ આપવા ફેન્સી ડ્રાયફ્રુટ બોક્ષ તથા તમામ પ્રકારનું / ડ્રાયફ્રુટ વ્યાજબી ભાવે મેળવવાનું એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ

નોંધ : ડ્રાયફ્રુટ ઉપરાંત ડ્રાઈડ-ફ્રુટ, એલચી, લવીંગ, મરી, સૂંઠ-ગંઠોડા પાવડર, મઠીયા, સિકંદર સીંગ-દાળીયા, KIMIA ખજૂર વિગેરે વ્યાજબી ભાવે ઉપલબ્ધ છે.

**અરિહંત ડ્રાયફ્રુટ્સ**

બેંક ઓફ બરોડા (દેના બેંક) સામે, પુનિત એમ્પોરિયમની બાજુમાં, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૨, ગાંધીનગર

સમય : સવારે ૯-૩૦ થી રાત્રીના ૯-૦૦ સુધી

સંપર્ક : આર.ડી. ગાંધી/હેમાંગ ગાંધી ૯૯૨૪૧ ૨૩૧૬૪/૯૩૭૭૭ ૨૩૧૬૪


# શહેરમાં કોરોનાના વધુ ૨૦ કેસ

## શહેરમાં આજે સે. ૪ માંથી ૩, સે. ૨૭ માંથી ૨, સે. ૭ માંથી ૨, સે. ૩ માંથી ૨, સે. ૧૩ માંથી ૨ અને સે. ૬ માંથી ૨ કેસ ઉપરાંત સે. ૨, ૧૭, ૨૦, ૩૦, ૨૯, ૫ અને જીઈબીમાંથી કેસો મળી આવ્યા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાના વધુ ૨૦ કેસ મળી આવ્યા છે. આ સાથે જિલ્લામાં કોરોનાના દર્દીઓની સંખ્યા વધીને ૧૯૭૭ થઈ છે.

શહેરમાં જે ગતિએ કેસો મળી રહ્યા છે તેને લઈ કોમ્યુનીટી ટ્રાન્સમિશનની શંકા વધુ ને વધુ દ્દઢ થઈ રહી છે. આજે પણ શહેરમાં મોટી વયના દર્દીઓ અને મહિલા દર્દીઓની સંખ્યા વધુ જોવા મળી રહી છે જેને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ આજે પસંદ કરનાર દર્દીઓ મોટાભાગના હોઈ તંત્રની કામગીરીનું ભારણ વધવા પામેલ છે. શહેરના લગભગ તમામ ખૂણાઓમાંથી આજે કેસો મળી આવ્યા છે.

શહેરમાં આજે સે. ૪ માંથી ૩, સે. ૨૭ માંથી ૨, સે. ૭ માંથી ૨, સે. ૩ માંથી ૨, સે. ૧૩ માંથી ૨ અને સે. ૬ માંથી ૨ કેસ ઉપરાંત સે. ૨, ૧૭, ૨૦, ૩૦, ૨૯, ૫ અને જીઈબીમાંથી કેસો મળી આવ્યા છે.

સે. ૨ માંથી આજે ૭૭ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સે. ૪ માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. કોરોના માટે સંવેદનશીલ ગણાતા આ સેક્ટરમાંથી આજે ૩ વધુ કેસ મળતાં જ તંત્રએ ત્યાં કન્ટેનમેન્ટ ઝોન, સોશિયલ ડિસ્ટન્સીંગ અને ફરજીયાત માસ્કના નિયમોની અમલવારી અંગે કડક સૂચનાઓ આપી છે.

સે. ૪ માંથી ૪૫ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. કર્મયોગીભવનમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજો બજાવતા ૩૪ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત કન્સ્ટ્રકશન વ્યવસાય સાથે સંકળાયેલ ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૭ માંથી ટ્યુશન કલાસમાં ટીચર તરીકે સેવાઓ આપતી ૩૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જીઈબીમાંથી ૨૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૭ માંથી એક વૃદ્ધ દંપત્તિ કોરોનાની ઝપટે ચડ્યુ છે. ૭૬ વર્ષીય પુરૂષ અને ૭૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દંપત્તિએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૩૦ માં રહેતા અને ચેતક કમાન્ડોમાં ફરજ બજાવતા ૪૦ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ કર્મયોગીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૦ માંથી ૬૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગૃહીણીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૩ માંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. ૬૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૫ કેસ

## મોટીવયના દર્દીઓ અને મહિલા દર્દીઓની સંખ્યામાં વધારો થતાં તંત્ર ચિંતાતુર : ગાંધીનગરમાં ૮, માણસામાં ૪ અને કલોલમાં ૩ કેસ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે કોરોનાના વધુ ૧૫ કેસ મળી આવ્યા હતા. ગ્રામીણ વિસ્તારમાં કોરોનાના કેસોની સતત ચડાવ-ઉતાર જોવા મળી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

આજે નોંધાયેલા ૧૫ કેસમાં ગાંધીનગરમાં ૮, માણસામાં ૪ અને કલોલમાં ૩ કેસનો સમાવેશ થાય છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મોટીવયના લોકો જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. જિલ્લામાં મહિલા દર્દીઓની ટકાવારીમાં પણ વધારો થઈ રહ્યો છે. જેણે ચિંતામાં વધારો કર્યો છે. જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાં સાત મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં પણ હવે દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રની કામગીરીનું ભારણ વધવા પામ્યુ છે.

ગાંધીનગરના મોટા-ચિલોડા ગામેથી ૨૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

કુડાસણ ગામેથી આજે વધુ ૩ કેસ મળી આવ્યા છે. ૬૧ વર્ષીય પુરૂષ, ૬૨ વર્ષીય મહિલા અને ૨૭ વર્ષીય કર્મયોગીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શેરથા ગામે કોરોનાએ પુનઃ હાજરી પુરાવી છે. આજે શેરથામાંથી ૮૧ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. ઈસનપુર મોટા ગામેથી ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે તેણીનીને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

રાંદેસણ ગામે આજે એક દંપત્તિ કોરોનાની ઝપટે ચડી ગયુ છે. બન્ને જણા ખાનગી નોકરી કરે છે. ૩૬ વર્ષીય પુરૂષ અને ૩૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે અને બન્નેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

માણસા તાલુકામાંથી આજે ૪ કેસ મળી આવ્યા છે. જેમાં ૧ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને ૩ કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે.

ઈટાદરા ગામેથી ૬૦ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ખેડૂતે હોમ આઈસોલેશનનો

● અનુસંધાન પાન-૭ પર


**પ્રથમ માસિક પુણ્યતિથિએ ભાવાંજલિ**



**સ્વ. વિનુભાઈ પુંજાભાઈ પટેલ**
સ્વ. તા. ૭/૯/૨૦૨૦, સોમવાર

ભર બપોરે સુરજ ઢળી ગયો,
તે જોઈ સમય પણ ખળભળી ગયો,
વિદાય લીધી અણધારી હરપળ થાય સ્મૃતિ આપની
જીવન જીવ્યા તમે ખુશીથી, સંબંધો નિભાવ્યા
સહજતાથી, સ્મિત સાથે વ્હાલ વરસાવતા
આપ હરપળ અમારા હૃદયમાં રહેશો.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે...

ગુણાનુરાગી
**કેના પટેલ તથા પરિવાર**
**સમસ્ત પટેલ પરિવાર**
ગામ - લિહોડા, તા. દહેગામ





**તૃતિય વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**

જીવન એવું જીવી ગયા,
સુખને છલકાવ્યું નહીં,
દુઃખને દેખાડ્યું નહીં.
વિનય વિવેકથી નાના તથા મોટાઓને સાચવ્યા,
એવા આપના પૂણ્ય અને માયાળુ
આત્માને તૃતિય વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ..

**સ્વ. સરસ્વતીબેન એસ. બારોટ**
સ્વર્ગવાસ તા. ૭-૧૧-૨૦૧૮

**સૂર્યકાન્તભાઈ આર. બારોટ**

પ્રકાશ એસ. બારોટ
દેવેન્દ્ર એસ. બ્રહ્મભટ્ટ
અનિલ એસ. બારોટ
મલ્કેશ પી. બારોટ
નીશીલ ડી. બ્રહ્મભટ્ટ
અક્ષર એ. બારોટ
મીનાક્ષી પ્રકાશ બારોટ
ગીતા દેવેન્દ્ર બ્રહ્મભટ્ટ
પ્રજ્ઞા અનિલ બારોટ
શ્વેતા એમ. બારોટ
નિધિ નીશીલ બ્રહ્મભટ્ટ
દર્શના મનોજકુમાર રાવ (પુત્રી)
મનોજકુમાર એન. રાવ (જમાઈ)
પલક વરૂણકુમાર બ્રહ્મભટ્ટ (પૌત્રી)
વરૂણકુમાર બી. બ્રહ્મભટ્ટ (જમાઈ)

પ્રપૌત્રી : નિત્યા, પ્રપૌત્ર : અયાંશ, ભાણીઓ : ચાર્વી, ઋત્વી, દોહિત્રી : ચેષ્ટા



હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં

**સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ**

SURMOUNT HOSPITAL — EMERGENCY 24 HOURS SERVICES

સુવિધાઓ
- આઈ.સી.યુ.ની સુવિધા
- 2D Echo
- અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિકવન્સી એક્સ-રે મશીન
- સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
- એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
- મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા

ઉપલબ્ધ સારવાર

**ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)**
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન)   ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન

**સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)**
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન

**મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)**
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ

**પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)**
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી

**કાન, નાક, ગળા વિભાગ** (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર

**ન્યુરો સર્જરી વિભાગ** (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન

For Appointment : Mo. : 84698 80550

OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.

આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦

કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com